For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

મનપાના ગાર્ડનનો ગેટ તૂટતાં 3 વર્ષના બાળકનું મોત: અગાઉ ગટરમાં પડી જતાં કેદારનો ભોગ લેવાયો હતો

# મનપાએ વધુ એક માસૂમનો ભોગ લીધો

**સુરતના** પરવટ ગામની ઘટના, ત્રણ બાળક રમી રહ્યા હતા ત્યારે જર્જરિત લોખંડનો ગેટ તૂટી પડ્યો, બે બાળકને ગંભીર ઈજા

**છોકરાઓ** એકસાથે લટક્યા હોય અને ગેટ તૂટી પડ્યો હોય એવું બને, બાકી ગેટ સારી હાલતમાં હોવાનો મનપાનો નફ્ફટ જવાબ

**મૃત** બાળકના પરિજનોએ મૃતદેહ સ્વિકારવાનો ઈનકાર કર્યો, મનપા તંત્રની બેદરકારી સામે સ્થાનિકોમાં ભારે રોષ



### જવાબદારો સામે તાત્કાલિક કાર્યવાહીની માંગ સાથે પરિવારે મૃતદેહ સ્વિકારવા ઇન્કાર કર્યો



આર્યનના માતા-પિતા, સંજય અને ભૂરી સુવલિયા, આ ઘટનાથી ખૂબ જ આઘાતમાં છે. આ દુર્ઘટના પાલિકાની બેદરકારીને કારણે બની હોવાનું જણાવી સમાજ અગ્રણી હિતેશભાઈ ડામોર સહિત પરિવારે ભારે વિરોધ નોંધાવ્યો છે. તેમણે જણાવ્યું કે, ગાર્ડનની જાળવણી અને સુરક્ષાની જવાબદારી પાલિકાના ગાર્ડન વિભાગના અધિકારીઓની છે. ગેટ જર્જરિત હોવા છતાં તેને રિપેર કરવામાં આવ્યો નહોતો, જેના કારણે આ કરુણ ઘટના બની છે. પરિવાર અને સમાજના લોકોની મુખ્ય માંગ છે કે, પાલિકાના ગાર્ડન વિભાગના જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર સામે બેદરકારી દાખવવા બદલ તાત્કાલિક ગુનો નોંધવામાં આવે. જ્યાં સુધી આ કાર્યવાહી ન થાય ત્યાં સુધી તેઓ મૃતદેહ સ્વીકારવાનો ઇનકાર કરી રહ્યા છે.

સુરતઃ પરવટ ગામમાં સુરત મહાનગરપાલિકા સંચાલિત ગાર્ડનમાં જર્જરિત લોખંડનો ગેટ તૂટી પડતા 3 વર્ષના માસૂમ બાળક આર્યન સંજય

અનુસંધાન પાના ૫ પર

### છોકરાઓ લટક્યા હોય તો ગેટ તૂટી પડ્યો હોઈ શકે, બાકી ગેટ સારી હાલતમાં હતો: મનપા CEO

લિંબાયત ઝોનના કાર્યપાલક ઈજનેર વિપુલ ગણેશવાલાએ જણાવ્યું હતું કે, ઝોનમાં તબક્કાવાર ગાર્ડનોનું મેઈન્ટેનન્સ કરવામાં આવતું હોય છે. હાલમાં જ જુલાઈ માસમાં આ ગાર્ડનમાં મેઈન્ટેનન્સ કામગીરી કરવામાં આવી હતી. જ્યારે પણ ગાર્ડનની કોઈ ફરીયાદ આવે ત્યારે કામગીરી કરાય છે. હાલ થોડા મહિનામાં કોઈ ફરીયાદ મળી ન હતી, પરંતુ એન્ટ્રી ગેટ પાસે

અનુસંધાન પાના ૫ પર

### ગાર્ડનમાં જુલાઈમાં જ રીપેરીંગ કરાવાયું હતું, મનપાના તંત્રએ કુલડીમાં ગોળ ભાંગ્યો?

લિંબાયત ઝોનના કાર્યપાલક ઇજનેર વિપલ ગણેશવાલાએ જણાવ્યું હતું કે, આ ગાર્ડનનું રીપેરીંગ જુલાઇ માસમાં જ કરાયુ હતું અને ગેટ જર્જરિત હોવાની કોઇ ફરિયાદ પણ મળી નથી. ત્યારે સવાલ એ ઉઠે છે કે જો જુલાઇ માસમાં રીપેરીંગ થયું હોય અને છતાં પણ ગેટ તૂટી પડ્યો, તો પછી રીપેરીંગના નામે કુલડીમાં ગોળ ભંગાયો હોઈ શકે. કેમ કે માત્ર ત્રણ માસમાં રીપેર કરાયેલો ગેટ કેવી રીતે તુટી પડે?

### શહેરના 80 ટકા શાંતિકુંજ જર્જરિત હાલતમાં ઝોનની જવાબદારી છતાં અધિકારીઓ બેદરકાર

સુરત શહેરમાં 150થી વધુ શાંતિકુંજ અને ગાર્ડનો મનપા દ્વારા સાકાર કરાયા છે, પરંતુ યોગ્ય જાળવણી કરાતી નથી. શહેરમાં ગાર્ડનો જર્જરિત હાલતમાં હોય છે જેના કારણે લોકોને હાલાકી થઈ રહી છે. વિપક્ષના નગર સેવક મહેશ અણઘડે જણાવ્યું હતું કે, વિપક્ષ દ્વારા પણ વારંવાર રજૂઆતો કરાઈ છે. શહેરના 80 ટકા શાંતિકુંજો જર્જરિત હાલતમાં

અનુસંધાન પાના ૫ પર



(તસવીર : હેમંત ડેરે)

# ભાગળ પર ભારતની જીતની ઉજવણી પા ભાગની જ થઈ

**સામાન્ય** રીતે ભારત-પાકિસ્તાનની મેચ હોય ત્યારે કરફ્યુ જેવો માહોલ હોય છે, પરંતુ રવિવારે શહેર ટ્રાફિકથી ધમધમતુ રહ્યું



(તસવીર : હેમંત ડેરે)

સુરતઃ ભારતીય ક્રિકેટ ટીમે એશિયા કપમાં આજે પાકિસ્તાની ટીમને ભૂંડી રીતે હરાવ્યું હતું. જો કે દર વર્ષ જેવું જીતનું જશ્ન આજે જોવા મળ્યું ન હતું. પહલગામ હુમલા બાદ દેશભરમાં સામાન્ય લોકોની સાથે જ ક્રિકેટપ્રેમીઓમાં પણ પાકિસ્તાન અને પાકિસ્તાની ક્રિકેટ ટીમ સામે ભારે રોષ હતો. તેમની સાથે મેચ યોજાવી જ જોઈએ નહીં, તેવા આશય સાથે દેશભરમાં બોયકોટનો મૂડ હતો. જો કે સરકારે મેચની મંજૂરી આપ્યા બાદ પણ માહોલ નિરસ રહ્યો હતો.

શહેરભરમાં આજે ભારતની આટલી મોટી જીત, છતાં તેની શાનદાર ઉજવણી તો થઈ જ ન હતી.

પાકિસ્તાન સામે ભારત મેચ જીતી જાય તો શાનદાર ઉજવણી કરાતી. આ વખતે સંભાવના મુજબ જ ભાગળ ચાર રસ્તે ભેગા થયેલા લોકોની સંખ્યા નોંધપાત્ર રીતે ખૂબ ઓછી હતી. એટલું જ નહીં, તિરંગા કે ઢોલ-નગારા સાથે જશ્ન મનાવતા લોકોએ ક્રિકેટ મેચની જીત કરતા વધુ પહલગામ આતંકવાદી હુમલાનો રોષ અને ત્યારબાદના ઓપરેશન સિંદૂરની જીતની ઉજવણી વધારે કરી હોય એવું લાગ્યું હતું.

### સ્ક્રીન પર પણ વૂમન્સ ક્રિકેટ મેચ જોઈ

દર વર્ષ કરતાં સામૂહિક મેચ જોવા માટે આ વખતે નહીંવત ઉત્સાહ હતો. એવું જોવા મળ્યું કે જ્યાં સ્ક્રીન ભાડે રખાયા ત્યાં પાકિસ્તાન સામેની ક્રિકેટ મેચ નહીં પરંતુ ભારતની ઓસ્ટ્રેલિયા સામેની વૂમન્સ ક્રિકેટ મેચ લોકોએ જોઈ હતી.

# પાનોલીની ઓર્ગેનિક કંપનીમાં ભીષણ આગ



**ધડાકાથી** પાંચ ગામમાં ધરા ધ્રુજી, દૂર સુધી ધુમાડાના ગોટા દેખાતા ભયનો માહોલ, સાડા ત્રણ કલાકે આગ કાબૂમાં આવી

અંકલેશ્વર,ભરૂચઃ પાનોલી GIDCમાં સંઘવી ઓર્ગેનિક્સ કંપનીમાં વહેલી સવારે આગ ફાટી નીકળતા અફડાતફરીનો માહોલ સર્જાયો હતો. કેમિકલનું ઉત્પાદન કરતી આ કંપનીમાં લાગેલી આગે

અનુસંધાન પાના ૫ પર

### સંજાલી ગામના લોકો ઘર છોડીને અંકલેશ્વર તરફ દોડ્યા

આગને પગલે પાનોલીને અડીને આવેલા સંજાલી ગામના લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. સ્થાનિકોના આંખમાં તેમજ શ્વાસ લેવામાં તકલીફ ઉભી થઇ હતી. સંજાલી ગામના અનેક પરિવારો પગપાળા અંકલેશ્વર તરફ હીજરત કરતા નજરે પડ્યા હતા. આગ કંપની સંકુલની બહાર કેટલાક લારીના ગલ્લાઓ પણ ફૂંકાઈ ગયા હતા.

# સુરતને પણ મીની થાઈલેન્ડ બનાવતી જહાંગીરપુરા પોલીસ

**સર્વેલન્સ** સ્ટાફે લાખોના સેક્શનની લ્હાયમાં ચાર રેડ પડી હતી તે જ જગ્યાએ ફરી કૂટણખાનું ચાલુ કરાવ્યું

**જહાંગીરાબાદની** હોટલમાં હાઈ-પ્રોફાઈલ સેક્સ રેકેટનો પર્દાફાશ, વોટ્સએપથી ચાલતું રેકેટ, થાઈલેન્ડની 13 મહિલા સહિત 22ની ધરપકડ

સુરતઃ જહાંગીરાબાદમાં પાર્ક પેવેલિયન હોટલમાં ચાલતા હાઈ-પ્રોફાઈલ સેક્સ રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ સેલે બાતમીના આધારે દરોડા પાડી 13 વિદેશી મહિલાઓની અટક કરી છે, જે થાઈલેન્ડની હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. રેકેટ વોટ્સએપના માધ્યમથી સંચાલિત થતું હતું. પોલીસ કાર્યવાહી દરમિયાન કુલ 22 લોકોની ધરપકડ કરી છે, જેમાં હોટલ મેનેજરો, હાઉસકીપિંગ સ્ટાફ અને ગ્રાહકોનો સમાવેશ થાય છે.

જહાંગીરપુરા પોલીસનો સર્વેલન્સ સ્ટાફ ફરી વિવાદમાં આવ્યો છે. સ્ટાફે લાખો રૂપિયાના સેક્શનની લ્હાયમાં વર્ષમાં ચાર વખત એક જ જગ્યા પર દરોડા પડ્યા હોવા છતાં પણ ફરી એ જ જગ્યા પર કૂટણખાનું શરૂ કરાવી દીધું હતું. પીઆઈ રબારી આવતા જ વિજય કસ્તૂરના અડ્ડા પર દરોડા પાડ્યા હતા. જ્યારે અનેક ફરિયાદો બાદ ફરી એક વખત AHTU દ્વારા કાર્યવાહી કરવામાં આવતા સર્વેલન્સ સ્ટાફની પોલ ફરી ઉઘાડી પડી ગઈ છે.

અનુસંધાન પાના ૫ પર

### પકડાયેલા 9 સહિત 13 વિરુદ્ધ ફરિયાદ

(1) રૂપેશ ઉર્ફે મેક્સી રમેશ મીશ્રા (ઉં.29,રહે. મકાન નં. 158 કૈલાસનગર સુરત)
(2) બીપીન ઉર્ફે બંટી મનસુખભાઈ બાબરીયા (ઉં.25 રહે.નિર્મલ નગર પાસપોર્ટ ઓફિસની બાજુમાં ઉમરા ગામ, મુળ રહે. ગામ રંડોળા તાલુકો પાલીતાણા જિલ્લો ભાવનગર)
(3) સંજય રાજુભાઈ હીંગડે (ઉં.27, રહે. રોયલ હોટલમાં જલારામ કાઠીયાવાડી હોટલની ઉપર જહાંગીરપુરા મૂળ મહારાષ્ટ્ર)
(4) રાહુલ રાજેન્દ્રભાઈ સોલંકી (ઉં.,28, રહે. કૃષ્ણ રેસીડેન્સી લસકાણા મૂળ અમરેલી)
(5) મિલન અશોકભાઈ સુરાણી (ઉં.વ.28 રહે. મીરા હાઈટ્સ વીટી સર્કલની પાસે સરથાણા, મૂળ.

અનુસંધાન પાના ૫ પર

# પાર-તાપી રિવરલિંક યોજના રદ થતાં આદિવાસીઓ ખુશ

**સંસદમાં** કેન્દ્રિય જળશક્તિ મંત્રાલયે આ યોજના હવે અમલમાં નહીં આવે તેવી જાહેરાત કરતા આદિવાસી સમાજ સંતુષ્ટ

વલસાડઃ ગુજરાતના દક્ષિણ ભાગના આદિવાસી વિસ્તારો માટે ચિંતાનો વિષય બની રહેલી પાર-તાપી રીવરલિંક યોજનાને કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યસભામાં ફરી એકવાર સ્પષ્ટતા સાથે હટાવી દેવાઈ હોવાની જાહેરાત કરવામાં આવતા સમગ્ર આદિવાસી સમાજમાં હર્ષનો માહોલ ફેલાઈ ગયો છે.

રાજ્યસભામાં સાંસદ માનસરંજન મંચરાજે પૂછેલા પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રાલયે સત્તાવાર રીતે જણાવ્યું કે, આ યોજના હવે અમલમાં નહીં આવે. આ જાહેરાત પછી આદિવાસી સમાજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ વલસાડ-ડાંગના સાંસદ ધવલ પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, વર્ષ 2022માં જ ગુજરાત સરકાર દ્વારા આ યોજના હટાવી દેવાઈ હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. બાદમાં 10 ઓગસ્ટ 2023ના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તત્કાલીન કેન્દ્રીય જળશક્તિ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતને પત્ર લખી આ મુદ્દે રાજ્ય સરકારનું વલણ સ્પષ્ટ કર્યું હતું. 29 ડિસેમ્બર 2023ના રોજ કેન્દ્રીય જળશક્તિ મંત્રાલયે ગુજરાત સરકારને પત્ર લખી આ યોજના રદ કરવામાં આવી હોવાની પુષ્ટિ પણ કરી હતી.

આ પછી ઓગસ્ટ 2025માં ગુજરાત સરકારની કેબિનેટ બેઠકમાં પણ આ નિર્ણયને મંજૂરી આપી સત્તાવાર જાહેરાત રાજ્યના મંત્રી ઋષિકેશ પટેલ દ્વારા કરવામાં આવી હતી. ગત 13 ઓગસ્ટે વલસાડ-ડાંગના સાંસદ ધવલ પટેલને કેન્દ્રીય જળશક્તિ વિભાગે લેખિતમાં માહિતી આપી હતી કે, આ યોજના રદ થઈ ગઈ છે. હવે ફરી એકવાર રાજ્યસભાના પ્રતિસાદમાં આ સ્પષ્ટતા થતા સમગ્ર આદિવાસી સમાજે રાહતનો શ્વાસ લીધો છે.

આરોપીઓને કાયદાનો ડર નથી જેલમાંથી નહીં પરંતુ સાસરામાંથી બહાર આવ્યો હોય તેવા દ્રશ્યો

# આરોપીનું જેલમાંથી રોડશો કરી વેલકમ

**લાજપોર** જેલના દરવાજા પર 'ગુજસીટોક'ના આરોપી આનંદ ચીકનાનું ફિલ્મી સ્વાગત!

**ગુનેગારને** લેવા ઉમટ્યું ટોળું, જેલ કર્મી પણ હાથ મિલાવતો દેખાયો





સુરતઃ શહેરના લાજપોર જેલ બહાર ગુજસીટોક કાયદા હેઠળ મુક્ત કરાયેલા કુખ્યાત ગુનેગાર આશિષ ઉર્ફે 'ચીકનો' પાંડેના વિલક્ષણ સ્વાગતે સુરતના કાયદા વ્યવસ્થાની પાછળ પડેલી હાલત સામે આવી

અનુસંધાન પાના ૫ પર

### લોકોની કારની બ્લેકફિલ્મ ઉતરાવતા સિંઘમ ક્યાં ગાયબ થઇ ગયા?

આશિષ ઉર્ફે ચીકનાને લેવા માટે માત્ર એક-બે વાહનો નહીં, પરંતુ સાતથી આઠ કાળી કારનો કાફલો જેલ બહાર પહોંચ્યો હતો. તમામ કાર બ્લેક કલરની અને ઘણી સત્તાવાર સ્કોર્પિયો જેવી હતી. ચીકનાને એક કાળી કાચવાળી કારમાં બેસાડવામાં આવ્યો અને ત્યાર બાદ એક પ્રકારના 'રોડ શો'ના દ્રશ્યો સર્જાયા હતાં. ત્યારે સૌથી મોટો પ્રશ્ન એ છે કે, સામાન્ય લોકોની કાર પરથી કાળી ફિલ્મ ઉતરાવી પોતાને સિંઘમ સમજતા પોલીસ અધિકારીઓ આ સમયે ક્યાં ગાયબ થઇ ગયા હતાં?




અશુભ

અમારા સ્વજન દિલીપ વસંતભાઈ ઘાસવાલા નું તા.૧૪/૦૯/૨૦૨૫ રવિવારના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. તેમની અંતિમ યાત્રા આજ રોજ તા.૧૫/૦૯/૨૦૨૫ સોમવાર સવારે ૧૦ કલાકે અમારા નિવાસ સ્થાનેથી નીકળી જહાંગીરપરા કુરૂક્ષેત્ર મુકામે જશે.

બેસણું

સદ્‌ગતનું બેસણું તા.૧૫/૦૯/૨૦૨૫ સોમવાર સાંજે ૪.૩૦ થી ૬.૩૦ અમીધારા વાડી, ચોકસીવાડી પાસે, ન્યુ રાંદેરરોડ મુકામે રાખવામાં આવ્યું છે.

લી. રંજન દિલીપ ઘાસવાલા

પવન દિલીપ ઘાસવાલા — રાજેશ વસંતભાઈ ઘાસવાલા
અંકિતા પવન ઘાસવાલા — દેવાંગ વસંતભાઈ ઘાસવાલા
મિનાક્ષી રાજેશ ઘાસવાલા — હેમા દેવાંગ ઘાસવાલા
રેણુકા દિલીપકુમાર રાવ — સુશીલાબેન-વસંતભાઈ ઘાસવાલા પરિવાર

સ્વ.દિલીપ વસંત ઘાસવાલા

નિવાસ સ્થાનઃ ૨૦૨, વ્રજભૂમિ એપાર્ટમેન્ટ, પટેલ પ્રગતિ વાડીની બાજુમાં, સુરભી ડેરી ચાર રસ્તા, હનીપાર્ક રોડ, સુરત.

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ 3000/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

॥ પ્રણામી ધામગમન – સુરતી મોઢવણીક ॥



અત્યંત દિલગીરી સહ જણાવવાનું કે મારા ધર્મપત્ની અ.સૌ.શ્રીમતી હંસાબેન કાંતિલાલ મોદી (ઓલપાડવાલા)નું તા.૧૪.૦૯.૨૦૨૫ને રવિવારે ધામગમન થયુ છે.

તેમના પાથરણાની ક્રિયા આજરોજ સોમવારે તા.૧૫.૦૯.૨૦૨૫ને સવારે ૯ કલાકે અમારા નિવાસ સ્થાને રાખવામાં આવેલ છે.

શ્રી રાજ શ્યામાજી તેમના શ્રી ચરણમાં સ્થાન આપે એજ પ્રાર્થના....

અ.સૌ.શ્રીમતી હંસાબેન કાંતિલાલ મોદી (ઓલપાડવાલા) સ્વ.તા.૧૪.૦૯.૨૦૨૫

લિ. શ્રી કાંતિલાલ જમનાદાસ મોદી (ઓલપાડવાલા) (પતિ)

શ્રી રાજકિશોર ઉર્ફે શિરીષકુમાર મોદી (પુત્ર)
શ્રીમતી વિપુલાબેન શિરીષકુમાર મોદી (પુત્રવધુ)
ધા.નિ. શ્રીમતી રાધાબેન રાજેશકુમાર ગજીવાલા (પુત્રી)
શ્રીમતી રશ્મિબેન ધર્મેશકુમાર શાહ (પુત્રી)
શ્રીમતી મીરાબેન અરૂણકુમાર પાનવાલા (પુત્રી)
શ્રી વિરાજ શિરીષકુમાર મોદી — શ્રી ભાગ્યેશ શિરીષકુમાર મોદી
શ્રીમતી પ્યાસી વિરાજ મોદી — શ્રીમતી પુજા ભાગ્યેશ મોદી
પ્રાંશી વિરાજ મોદી — તથા સમસ્ત મોદી પરિવાર

નિવાસ સ્થાન : શ્રી પ્રાણનાથકૃપા, નં. ૫, દ્વારકાધીશ સોસાયટી, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત

ખંભાતી ક્ષત્રિય દુઃખદ અવસાન



દિલગીરી સહ જણાવવાનું કે, અમારા માતૃશ્રી લીલાવતીબેન જશવંતલાલ જરીવાલા ભાદરવા વદ આઠમ ને રવિવારના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના દિવ્ય આત્માને શાંતિ પ્રદાન કરે એવી પ્રભુના ચરણોમાં પ્રાર્થના.

સદ્‌ગતની સ્મશાનયાત્રા

તા. ૧૫/૦૯/૨૦૨૫ ને સોમવારે સવારે ૮:૦૦ વાગ્યે અમારા નિવાસસ્થાનેથી નીકળી રામનાથ ઘેલા, ઉમરા, સુરત જશે.

સદ્‌ગતનું બેસણું

તા. ૧૬/૦૯/૨૦૨૫ ને મંગળવારે સવારે ૯ થી ૧૧ કલાકે SMC કોમ્યુનિટી હોલ, સોહમ સર્કલ પાસે, અલથાણ સુરત ખાતે રાખેલ છે.

સ્વ. લીલાવતીબેન જશવંતલાલ જરીવાલા સ્વ. તા. ૧૪/૦૯/૨૦૨૫

લિ. સ્વ. જશવંતલાલ રમણલાલ જરીવાલા

પંકજ જશવંતલાલ જરીવાલા — ડિમ્પલ પંકજ જરીવાલા
સ્વ. જીજ્ઞેશ જશવંતલાલ જરીવાલા — ગં.સ્વ. જીમિક્ષા જીજ્ઞેશ જરીવાલા
ભાવિક પંકજ જરીવાલા — સમર્થ જીજ્ઞેશ જરીવાલા
પ્રિયાંશી જીજ્ઞેશ જરીવાલા — તથા સમસ્ત જરીવાલા પરિવાર

નિવાસસ્થાનઃ- એ-૯૦૪, આકાશ એવન્યુ, ભીમરાડ-સરસાણા રોડ, અલથાણ, સુરત.



પાંચમી પુણ્યતિથિએ અશ્રુભીની શ્રદ્ધાંજલિ

તમારા મધુર સ્મરણો અંકિત છે
અમારા હૃદયમાં,
તમારા કર્મોની સુવાસ જીવંત છે
અમારા શ્વાસમાં,
સદેહે તમે નથી એ સચ્ચાઈ છે પણ,
અસ્તિત્વમાં તમે છો
અને રહેશો એ વિશ્વાસ છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાશ્વત શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સ્વ.લીલાબેન લલ્લુભાઈ પટેલ જન્મ તા.૨૩/૦૬/૧૯૪૩ સ્વ.તા.૧૫/૦૯/૨૦૨૦

નિવાસસ્થાન : તળાવ સામે, રૂંઢ-મગદલ્લા, સુરત. મો.૯૭૨૬૫૧૧૦૧૧

લલ્લુભાઈ સુખાભાઈ પટેલ
મહેશભાઈ લલ્લુભાઈ પટેલ - અનિતાબેન મહેશભાઈ પટેલ
નિરલ મહેશભાઈ પટેલ - ખુશ્બુ નિરલ પટેલ
મિતેષભાઈ ધનસુખભાઈ પટેલ - જેનિશાબેન મિતેષભાઈ પટેલ
રોકી હરીશભાઈ પટેલ - દિવ્યા રોકીભાઈ પટેલ
ઝોયા - શ્વેત - શ્રીજા
તથા સમસ્ત પરિવાર

પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ 'માં' ને શ્રદ્ધાંજલી



" પ્રેમ અને કર્મથી સહુના મન જીતી લીધા
છાને ખુણે રડી લઈશું આવશે તમારી યાદ
જ્યાં કુદરત અમારી રૂઠે છે.
ત્યાં કોને કરવી ફરીયાદ"
"મન હજું માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી હયાત"
પ્રભુ તમારી આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના...

સ્વ. લીલાબેન લલ્લુભાઈ પટેલ (મગદલ્લા ગામ) જન્મ તા.૨૩/૦૬/૧૯૪૩ સ્વ. તા.૧૫/૦૯/૨૦૨૦

લિ.
મીનાબેન મોહનભાઈ પટેલ (અલથાણ)
ભારતીબેન સતીષભાઈ પટેલ (વેસુ)
અનીષાબેન બીપીનભાઈ પટેલ (ગવિયર)
તથા સમસ્ત પરિવાર



પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ

સમય જીંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી, વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી, રડી પડે છે આંખો અમારી જોઇ તસ્વીર તારી, નાની ઉંમરે તારી અણધારી વિદાય અમો સર્વના કાળજા કંપાવી ગઈ મન હજુ માનતુ નથી કે તુ અમારી વચ્ચે નથી. એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એ જ પ્રાથના.

લિ.

પંકજભાઈ છોટુભાઈ પટેલ (પપ્પા) — કુંતાબેન પંકજભાઈ પટેલ (મમ્મી)
બિપીનભાઈ છોટુભાઈ પટેલ (મોટા પપ્પા) — હેમલતાબેન બિપીનભાઈ પટેલ (મોટા મમ્મી)
કલ્પેશભાઈ છોટુભાઈ પટેલ (કાકા) — નીતાબેન કલ્પેશભાઈ પટેલ (કાકી)
રણજીતભાઈ જીવણભાઈ પટેલ (કાકા)
આકાશભાઈ પંકજભાઈ પટેલ (ભાઈ) — શ્રેયાબેન આકાશભાઈ પટેલ (ભાભી)
કેતનભાઈ બિપીનભાઈ પટેલ (ભાઈ) — વિનીબેન કેતનભાઈ પટેલ (ભાભી)
વિમલભાઈ બિપીનભાઈ પટેલ (ભાઈ) — સાહીલભાઈ કલ્પેશભાઈ પટેલ (ભાઈ)
પ્રિયાન આકાશભાઈ પટેલ (ભત્રીજા) — અયાન કેતનભાઈ પટેલ (ભત્રીજા)

સ્વ. ફેનીલ પંકજભાઇ પટેલ જ.તા. ૧૬-૧૧-૧૯૯૩ સ્વ. તા. ૧૫/૯/૨૦૨૪ ભાદરવા સુદ બારસને રવિવાર

નિવાસ સ્થાનઃ ઘર નં. ૩૦૧, નવો મોહલ્લો, ખજોદ ગામ, સુરત.



પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સપનું બની સરી ગયા, ઝાકળ સમી જીદંગી તમે
મોજથી માણી ગયા, દુનિયા ભલે ભુલી જાય,
અમે કેમ કરીને ભુલીયે તમે તો વ્હાલના દરીયાદિલના હતા.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અમારી
હૃદયપુર્વકની શ્રદ્ધાંજલિ

લિ.

કેનીસ, પલ, નિર્મલ, જેનીસ, પલક, ચિરાગ એ, અંકુર, સાગર, ચિંતન, વિરલ, ચિરાગ બી, રાહુલ, ચિરાગ એ, પ્રશાંત, આકાશ, મિલન, ચિન્મય, મનીષ

સ્વ. ફેનિલકુમાર પંકજભાઈ પટેલ સ્વ. તા. ૧૫-૦૯-૨૦૨૪

ગામ : ખજોદ, સુરત